# આજે ગાંધીનગરમાં હનુમાન જયંતિની ભાવપૂર્ણ ઉજવણી

## ઠેર ઠેર સુંદરકાંડ અને હનુમાન ચાલીસાના પઠનનું આયોજન : સમગ્ર ગુજરાતમાં સૌ પ્રથમવાર પંચદેવ મંદિરે હનુમાન સાઠિકાના પાઠ યોજાશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરમાં મંગળવારે ચૈત્રિ પુનમે હનુમાન જયંતિએ ઠેર ઠેર ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરમાં સૌથી વધુ મંદિરો હનુમાનજીના આવેલા છે તેમજ કળિયુગમાં હનુમાનજીએ હાજરાહજૂર અને સૌથી સુલભ પ્રાપ્ય દેવ ગણાય છે. યુવા વર્ગમા હનુમાનજી સૌથી વધારે પ્રિય આરાધ્યદેવ ગણાય છે. આજના યુવાનોને ધર્મ અને ધાર્મિક વિધિ વિધાન કે મંત્રો-કથા અને સ્ત્રોતોમાં ઝાઝો રસ પડતો નથી પરંતુ આ યુવા વર્ગમાં હનુમાન ચાલીસા મોઢે હોય છે. નગરના હનુમાનજી અને રામજી મંદિરોમાં દર મંગળવારે અને શનિવારે રીતસર લાઈનો લાગે છે. આ નગરમાં હનુમાન જયંતિની રંગેચંગે ભક્તિભાવપૂર્ણ ઉજવણી થવા જઈ રહી છે જેમાં ક્યાંક સુંદરકાંડના પાઠ તો ક્યાંક હનુમાન ચાલીસાનું ગાન અને યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતમાં પ્રથમવાર શહેરના વિખ્યાત પંચદેવ મંદિરે 'હનુમાન સાઠિકા'ના પાઠનું પણ આયોજન કરાયું છે.

શહેરના સૌથી પ્રતિષ્ઠિત પંચદેવ મંદિરે બપોરે ૧૨ થી સાંજના ૬.૩૦ વાગ્યા દરમિયાન યજ્ઞ કરાશે અને રાત્રે ૭.૩૦ થી ૧૦ વાગ્યા દરમ્યાન ગુજરાતભરમાં પ્રથમવાર હનુમાન સાઠિકાના પાઠ કરાશે. આ પાઠ પંચદેવ મંદિરના નિલકંઠ શાસ્ત્રીની વ્યાસપીઠે યોજાશે. આ સાથે વડવાનલ સ્ત્રોત પાઠ અને સંકિર્તન પણ યોજવામાં આવેલ છે. પંચદેવ મંદિરના પટાંગણમાં આવેલ હનુમાનજી મંદિરના ઓટલે રાત્રે ૯ વાગે કાંતિભાઈ યોગી દ્વારા હનુમાન ચાલીસા અને સુંદરકાંડ પણ યોજાશે.

શહેરના સે. ૭-બી ખાતે યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પ્લોટ નં. ૭૮૭/૧ ખાતે ૧૦૮ હનુમાન ચાલીસાનું આયોજન કરવામાં આવ્યું છે. આ હનુમાન ચાલીસાના પાઠ રાત્રે ૯ વાગે યોજાશે. આ ઉપરાંત સે. ૨-એમાં આવેલ બાલાહનુમાનજી મંદિરે સાંજે ૭ વાગે કાન્તિભાઈ યોગીની વ્યાસપીઠે સંગીતમય સુંદરકાંડ અને હનુમાન ચાલીસા કરાશે.

કળિયુગના હાજરાહજૂર દેવ ગણાતા હનુમાનજીની જયંતિએ ભાવિક ભક્તો બજરંગબલીની ભક્તિમાં રસતરબોળ થવા થનગને છે. આ પાવન મંગલમય પ્રસંગે સેક્ટર-૨૪માં શાકમાર્કેટ પાસે આવેલ બાપા સીતારામની મઢુલી ખાતે સવારે ૯ વાગે રામચરિત માનસના પંચમ સોપાન સુંદરકાંડના સંગીતમય પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. આ સુંદરકાંડના પાઠ ગોસ્વામી દિલીપ ભારતીની વ્યાસપીઠે યોજાશે. જેમાં બાલકિર્તનકાર હિરલ ગોસ્વામી ભજન કિર્તન કરાવશે.

ગાંધીનગરના અમદાવાદ તરફના રોડ પર આવેલ સુઘડ ગામે સત્યાગ્રહ છાવણી આઈકોન ખાતે પ્રસિદ્ધ કથાકાર કન્હૈયાલાલ મહારાજની વ્યાસપીઠે સંગીતમય સુંદરકાંડનું આયોજન કરવામાં આવ્યું છે. આ સુંદરકાંડ હનુમાન જયંતિ નિમિત્તે મુખ્ય યજમાન અશોકભાઈ નારણભાઈ પટેલ દ્વારા સ્વ. કનૈયાલાલ મથુરદાસ પટેલના મોક્ષાર્થે યોજવામાં આવેલ છે. અહીં રાત્રે ૮ થી ૯ વાગ્યા દરમ્યાન સમુહ હનુમાન ચાલીસાના પાઠ અને ૯ વાગ્યાથી સંગીતમય સુંદરકાંડ કથા પાઠ યોજાશે. વાવોલના શાલીન-૪ એપાર્ટમેન્ટ ખાતે પણ રાત્રે ૯ વાગે સંગીતમય સુંદરકાંડના પાઠ યોજાનાર છે.

ગાંધીનગરમાં આ હનુમાન જયંતિએ તમામ મંદિરો અને અનેક બીજી જગ્યાએ વિવિધ ધાર્મિક કાર્યક્રમો જેવા કે હનુમાન ચાલીસા, હનુમાન સાઠિકા, સુંદરકાંડ અને હોમ હવન, યજ્ઞ દ્વારા ભક્તિભાવપૂર્ણ ઉજવણી કરાશે. નગરની ધર્મપ્રેમી જનતા આ ધાર્મિક તહેવારમાં હર્ષોલ્લાસથી મોટી સંખ્યામાં ભાગ લેનાર છે.





(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

**હનુમાનજ્યંતિની ઉજવણી**

ભાવિકોમાં આસ્થાનું કેન્દ્ર સ્થાન બનેલા ડભોડીયા હનુમાનજીના મંદિરમાં મંગળવારે હનુમાન જયંતિની ભવ્યાતિભવ્ય ઉજવણી માટે તૈયારી કરી દેવાઈ છે. હનુમાન જયંતિની ઉજવણી અન્વયે ૧૫૧ કીલોની કેક કાપવામાં આવશે. આ ઉપરાંત મારૂતિયજ્ઞ યોજવામાં આવશે. ડભોડા હનુમાન દાદાના મંદિરમાં રામભક્ત હનુમાનજીની મૂર્તિ પર તેલનો અભિષેક કરવામાં આવશે. આ માટે ૭૦૧ તેલના ડબ્બાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.



## ગાંધીનગરમાં ભારત રત્ન ડૉ. બાબાસાહેબની આંબેડકરની જન્મજયંતિની ઉજવણીમાં મુખ્યમંત્રીએ બલૂન ઉડાવ્યાં

ભારત રત્ન અને બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિ નિમિત્તે રાજ્યનાં પાટનગર ગાંધીનગર ખાતે ભાજપ અનુ.જાતિ. મોરચા યુથ સેલનાં કન્વીનર દેવેન વર્મા સહિત કાર્યકર્તાઓ બાબાસાહેબની પ્રતિમા પાસે સામાજિક સમરસતાનાં સંદેશવાળા બલુન સાથે હાજર રહ્યા હતાં. આ પ્રસંગે રાજ્યનાં મુખ્યમંત્રી અને ભાજપનાં વડાપ્રધાન પદનાં ઉમેદવાર નરેન્દ્રભાઈ મોદી ડૉ.બાબાસાહેબને પુષ્પ અર્પણ કરવા આવ્યા હતાં ત્યારે કાર્યકર્તાઓની લાગણીને માન આપી તેમનાં વરદ્ હસ્તે તેમણે બલૂન ઉડાવ્યા હતાં.

# અંતિમ સંસ્કાર માટે સરગાસણ પાસેના નવનિર્મિત અંતિમધામનો ઉપયોગ કરવા અનુરોધ કરાયો

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરમાં શહેરી વિકાસ સત્તા મંડળ 'ગુડા' દ્વારા જુનિયર સિટીઝન કાઉન્સીલના સહકારથી સરગાસણ ચાર રસ્તા પાસે 'રૂદ્રભૂમિ અંતિમધામ'નું નિર્માણ કરવામાં આવ્યું હતું જે તા. ૧લી માર્ચથી કાર્યરત થઈ ગયું હોવા છતાં હજુ નગરજનો દ્વારા તેનો ઉપયોગ કરાતો નથી. આ અંતિમધામ નજીક આવેલા ન્યુ ગાંધીનગર વિસ્તાર સેકટર-૧ થી ૮ અને આસપાસના ગ્રામ્ય વિસ્તાર દ્વારા આ સ્મશાનનો ઉપયોગ કરવામાં આવે તો સે-૩૦ના અંતિમધામ પર બોજો ઘટી શકે.

જુનિયર સિટીઝન કાઉન્સીલ દ્વારા શહેરના વસાહતીઓને સરગાસણ ખાતે આવેલ અંતિમધામનો ઉપયોગ કરવા અંગે અનુરોધ કરવામાં આવ્યો છે. સે-૩૦ના જીઈબી કોલોની પાસે આવેલ અંતિમ ધામ અત્યાર સુધીનો એક માત્ર વિકલ્પ હોવાથી હજુ પણ મોટા ભાગની અર્થીઓ ત્યાંજ અંતિમ સંસ્કાર માટે લઈ જવાય છે. અહીં એક સાથે ત્રણ અર્થીઓના અંતિમ સંસ્કારની વ્યવસ્થા હોઈ ઘણી વાર તેથી વધુ અંતિમયાત્રાઓ આવી પહોંચે છે ત્યારે અંતિમ સંસ્કાર માટે બે થી ત્રણ કલાક સુધી રાહ જોવી પડે છે. આ પરિસ્થિતિને પહોંચી વળવા સરગાસણ, ચાર રસ્તા પાસે ગુડા દ્વારા જુસીકાના સહકારથી નવું રૂદ્રભૂમિ અંતિમધામ વિકસાવવામાં આવ્યું છે. પરંતુ હજુ પણ વસાહતીઓ દ્વારા આ અંતિમધામનો જોઈએ તેટલો ઉપયોગ કરાતો નથી અને અહીંથી નજીકના વિસ્તારોમાંથી પણ અંતિમ યાત્રા છેક સે-૩૦ સુધી લઈ જવાય છે.

ગાંધીનગરના વસ્તી વિકાસને ધ્યાનમાં રાખીને જુનિયર સિટીઝન કાઉન્સિલ દ્વારા આ નવનિર્મિત રૂદ્રભૂમિ અંતિમધામનો ઉપયોગ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## આજથી 'આપ' પાર્ટીનું ચૂંટણી કાર્યાલય શરૂ

ગાંધીનગર, તા.૧૪

આગામી લોકસભા ચૂંટણી સંદર્ભે ગાંધીનગર લોકસભા વિસ્તારમાં આજે તા. ૧૫મી એપ્રિલ ૨૦૧૪ને મંગળવારના રોજ સવારે ૧૧ કલાકે સેકટર-૧૬ પાટનગર યોજના ખાતે ચૂંટણી મધ્યસ્થ કાર્યલાય ખુલ્લુ મુકાશે. આ કાર્યક્રમમાં ગાંધીનગરના અનેક વિધ સંસ્થાઓ સાથે સંકળાયેલ સામાજિક કાર્યકર અને અગ્રણી ઉદ્યોગપતિ દિનેશસિંહ ચાવડાના હસ્તે ઉદઘાટન કરવામાં આવશે. આ પ્રસંગે નગરજનોને તેમજ આમ આદમી પાર્ટીના કાર્યકરોને હાજર રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.


# સીએસ વિદ્યાર્થીને ફોન પર સીએસ અપડેટ મળી જશે

## આઈસીએસઆઈ સાઈટ પર રજીસ્ટ્રેશન કરાવવું પડશે

અમદાવાદ, તા.૧૪

કંપની સેક્રેટરીના વિદ્યાર્થીઓને હવે ઈન્સ્ટિટ્યુટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયાના અપડેટ્સ મોબાઈલ ફોન પર જ મળી જશે જેથી કોઈપણ વિદ્યાર્થીને કંપની સેક્રેટરીશીપથી સંલગ્ન ડિટેઈલ માહિતી મળી શકશે. આ માટે ઈન્સ્ટિટ્યુટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા દ્વારા એક વેબસાઈટ બનાવવામાં આવી છે અને તેના પર સરક્યુલર મુકવો છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ કંપની સેક્રેટરી અભ્યાસ ક્રમના વિદ્યાર્થીઓ ઈન્સ્ટિટ્યુટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા દ્વારા જાહેર કરવામાં આવતા સુચનોથી મોટા પ્રમાણમાં વંચિત રહેતા હતા. જેના પગલે હવે આઈસીએસઆઈએ તમામ અપડેટ મોબાઈલ પર જ મળી રહે તેવી વ્યવસ્થા વિકસાવી છે. જેનાથી કોઈપણ વિદ્યાર્થી કંપની સેક્રેટરીશીપથી સંલગ્ન તમામ માહિતી પોતાના મોબાઈલ પર જ મેળવી શકશે. આ અંગે માહીતી આફતા સીએસ ઈન્સ્ટિટ્યુટના ચેરમેન સ્વાતી ભટ્ટે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓએ આ સુવિધાનો લાભ લેવા માટે આઈસીએસઆઈની વિદ્યાર્થીઓ માટેની વેબસાઈટ પર પોતાનું એકાઉન્ટ બનાવવું પડશે. અને ત્યારબાદ તેમાં પોતાનો ફોન નંબર અને ઈ-મેઈલ એડ્રેસ ઈનપુટ કરીને મોકલવો પડશે ત્યારબાદ તેને મોબાઈલ ફોન પર જ સીએને લગતી તમામ અપડેટ રેગ્યુલર મળતી રહેશે.



વિસનગરા નાગર પરિવાર દ્વારા હાટકેશ જયંતિ નિમિત્તે પરિવારના ઘરેથી દાદાની પધરામણીનો કાર્યક્રમ યોજેલ હતો. પરિવારના મહામંત્રી શ્રી મહેશ રાવલના ઘરે દાદાની પધરામણીની પુજા-અર્ચનાની તસવીર.



ચિલોડા-હિંમતનગર હાઈવે પર આવેલ અંબાજી માતાજીના મંદિરે મધુર ડેરી દ્વારા મધુર પાર્લરનો શુભારંભ કરવામાં આવ્યો હતો. મંદિર ખાતે પાર્લર શરુ કરવામાં આવતા ભકતજનો લાભ મેળવી શકશે. મીની અંબાજીથી પ્રસિદ્ધ થયેલ ગિયોડ અંબાજી મંદિર ખાતે આજ રોજ ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ દ્વારા મધુર પાર્લરનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ચેરમેન શંકરસિંહ રાણાએ જણાવ્યું હતું કે જિલ્લાના તમામ ધાર્મિક સ્થળોએ મધુરની બનાવટો ભકતો સુધી પહોંચે તેવા અમારા પ્રયત્નો છે. મધુર દ્વારા દુધ, છાશ, મિઠાઈ સહિતની દૂધ બનાવટની ચીજવસ્તુઓ બનાવવામાં આવે છે. જિલ્લાના ધાર્મિક સ્થળોએ મધુર પાર્લર શરુ કરવામાં આવતા ભકતો લાભ લઈ શકશે. આ પ્રસંગે મંદિર ટ્રસ્ટના પ્રમુખ કે.કે. પટેલ, મંદિરના પુજારી કોદરભાઈ, ડેરીના ડીરેકટર રોહિતભાઈ મહેતા, માર્કેટીંગ મેનેજર નિરંજન બારોટ સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

# ગાંધીનગર સંસદીય ક્ષેત્રમાં પ્રચારમાં ભાજપા અગ્રેસર

ગાંધીનગર, તા. ૧૪

ચૂંટણી પ્રચારમાં વિવિધ પ્રચારના માધ્યમો સાથે મતદારોનો સંપર્ક કરવામાં ભાજપા કોંગ્રેસ કરતા આગળ છે. ગાંધીનગર સંસદીય મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્ઘાટન બાદ ગાંધીનગર ઉત્તર, કલોલ, નારણપુરા, સાણંદ, સાબરમતી, વિધાનસભાઓના મધ્યસ્થ કાર્યાલયો ખુલી ગયા છે. મધ્યસ્થ જવાબદારીઓમાં પ્રચાર પ્રસાર રેલીઓ, સભાસ્થાનો, ગૃપ મીટીંગો, મીડીયા, રાઉન્ડ, નવા યુવા મતદાતા, વિધાનસભાના ઈન્ચાર્જ, સહઈન્ચાર્જ વેગેરેની જવાબદારીઓ સોંપાઈ ચુકી છે.

શ્રીમતી આનંદીબેન પટેલ તથા શ્રી અમીત શાહે ઘાટલોડીયા તથા નારણપુરા વિધાનસભાઓમાં પ્રચાર રાઉન્ડની વિકાસ રેલીઓ યોજી છે. ૪ જેટલા વિજય વિશ્વાસ સંકલ્પ સંમેલનો યોજાઈ ગયા.

હાલ કાર્યકર્તાઓ કોર્પોરેટરશ્રીઓ પત્રીકા રાઉન્ડ યોજી રહ્યા છે. શ્રી રવિશંકર પ્રસાદે ઉત્તરભાષીય સંમેલન તથા ઈન્ટેલેક્ચરલ સંમેલનને સંબોધ્યુ છે. પ્રતિભા તથા જયંત અડવાણીએ કાર્યકર્તાઓ સાથે કલોલ, સાણંદ, મકરબા, પેથાપુર, વસ્ત્રાપુર, ભીમજીપુરા, ઘાટલોડીયા, ગાંધીનગર ઉત્તર, થલતેજ, ભાઈકાકાનગર વગેરે જગ્યાએ મતદારોની વચ્ચે લોક સંપર્ક રાઉન્ડ યોજ્યો હતો.

સમગ્ર વિસ્તારમાં હોર્ડીંગ્સો લાગી ચૂક્યા છે. ભાજપાના કાર્યકર્તાઓ વોટ્સ એપ, ફેસબુક, ટ્વીટર વગેરે જેવી સોશ્યલ મીડીયા દ્વારા પણ પ્રચાર કરી રહ્યા છે. રાણપ ખાતે એક થ્રીડી સભા પણ યોજાઈ હતી. સંસદીય ક્ષેત્રમાં હવે ગૃપ મીટીંગોનો દોર ચાલશે. જેમાં મુખ્ય મુદ્દાઓમાં શ્રી નરેન્દ્રભાઈ મોદી વડાપ્રધાનપદના ઉમેદવાર, કોંગ્રેસ શાસનના કૌભાંડો, મોંઘવારી, કેન્દ્રનું ગુજરાત પ્રત્યે અન્યાયી વલણ જેવા મુદ્દાઓને લઈને પ્રજા સમક્ષ લઈ જવામાં આવશે.

આજરોજ તા. ૧૪-૪-૨૦૧૪ને સોમવારના રોજ શ્રી જયંત અડવાણી ગાંધીનગર સેક્ટર-૭ ખાતે ચૂંટણી પ્રચાર રાઉન્ડ યોજ્યો હતો. સાંજે ૪.૦૦ કલાકે તેમના વરદ્ હસ્તે સાણંદ વિધાનસભાના મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્ઘાટન કરવામાં આવેલ હતુ તેમજ થલતેજ ગામ અને ભાઈકાકાનગરમાં પણ પ્રચાર રાઉન્ડ યોજીને મતદારોને સીધો સંપર્ક કર્યો હતો.

આવતીકાલે તા. ૧૫-૪-૨૦૧૪ને મંગળવારના રોજ સવારે ૯.૩૦ કલાકે વેજલપુર મલાવ તળાવથી પ્રચાર રાઉન્ડનો પ્રારંભ થશે. સાંજે ૫.૦૦ કલાકે કાંકરીયા હનુમાન, સોલા રોડથી પ્રચાર રાઉન્ડ શરૂ થશે જે વિવિધ હાઉસીંગ સોસાયટીમાં પ્રચારાર્થે જશે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૧
સૂર્યાસ્ત : ૬.૫૮

## તાપમાન

મહત્તમ : ૪૦.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૯.૨ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૪૧ ટકા ● સાંજે ૨૦ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
ભૂતનાથ રીર્ટન : ૧૨.૩૦,૩.૩૦, ૧૦.૦૦
મે તેરા હીરો : ૬.૪૫
: સ્ક્રીન-૨ :
રીઓ-૨ (અંગ્રેજી) ૩ડી : ૧.૦૦, ૩.૧૫, ૮.૦૦
કેપ્ટન અમેરિકા (અંગ્રેજી) ૩ડી : ૫.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
મે તેરા હીરો : ૧૦.૦૦, ૧.૩૦
જલ : ૪.૦૦ ● રેસ ગુર્રમ (તેલુગુ) : ૭.૦૦
કવીન : ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
ભૂતનાથ રીર્ટન : ૧૦.૦૦, ૬.૩૦
મે તેરા હીરો : ૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
રીઓ-૨ (હિન્દી) ૩ડી : ૯.૩૫, ૧૨.૦૦, ૫.૨૫, ૭.૫૦
કેપ્ટન અમેરિકા (હિન્દી) : ૨.૨૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
ભૂતનાથ રીર્ટન : ૧૦.૦૦,૧.૦૦, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૩ :
ભૂતનાથ રીર્ટન : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૧૫, ૯.૩૦

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ભૂતનાથ રીર્ટન : ૧૦.૧૫, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૨ :
મે તેરા હીરો : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
: સ્ક્રીન-૩ :
કેપ્ટન અમેરિકા : ૧.૧૫
ભૂતનાથ રીર્ટન : ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ભૂતનાથ રીર્ટન : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
મે તેરા હીરો : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ભૂતનાથ રીર્ટન : ૯.૪૫, ૩.૪૫, ૯.૪૫
મે તેરા હીરો : ૧૨.૪૫, ૬.૪૫

### સૂર્યા સિનેમા (વાવોલ)

પ્રીતના પારખાં : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ચિરાગ સિનેમા(કલોલ)

પ્રેમ કરે તો ગોરી તું હાચો કરજે : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : આરોગ્યમાં અનુકૂળતા તમને ચિંતાઓથી મુક્ત કરશે. આર્થિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. ધાર્મિકક્ષેત્રે યાત્રા પ્રવાસનું આયોજન અને ધાર્મિક કાર્યો થઈ શકે છે.

**વૃષભ** : દિવસ પ્રગતિકારક યોગ બનાવશે. બુદ્ધિ, તર્ક અને વિચાર શક્તિનો સદુપયોગ તમારા જીવનમાં સકારાત્મક પરિણામ પ્રદાન કરશે. સાહિત્યકારો, કવિ વર્ગ અને કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો સમય રહેશે.

**મિથુન** : કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે. લગ્નવાંચ્છુકોને પોતાની જીવનસાથીની પસંદગી થઈ શકે છે. સમાજ અને રાજકીયક્ષેત્રમાં સન્માન પ્રાપ્ત થવાની સંભાવના છે.

**કર્ક** : આજીવિકાના ક્ષેત્રમાં પ્રગતિની તકને કારણે આર્થિક રોકાણ વધશે. પરિજનોનો અનુકૂળ સ્વભાવ તમને પ્રસન્નતા પ્રદાન કરશે. આર્થિકક્ષેત્રમાં નવા રોજગારી- વ્યાપાર સંબંધી કાર્યો થઈ શકશે.

**સિંહ** : યશ, ઉત્સાહ વધશે. પ્રયાસ સાર્થક થશે. ધાર્મિક કાર્યોમાં રૂચિ વધશે. કુટુંબમાં શુભ મંગળ કાર્ય થશે. વ્યપાર-વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય રહેશે.

**કન્યા** : કાર્યમાં મિત્રો, સંબંધીઓનો સહયોગ મળશે. પ્રતિષ્ઠિત વ્યક્તિઓથી સંપર્ક બનશે, જે તમને પ્રગતિ પ્રદાન કરવામાં સહાયક થશે. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે.

**તુલા** : બધી દિશાથી શ્રેષ્ઠ પરિણામ આવશે. પસંદગીદાર સ્થળ ઉપર તમે પ્રવાસ ખેડી શકશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકશે.

**વૃશ્ચિક** : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાન કારક થઈ શકે છે. વિવાદિત કાર્યોમાં સંયમ રાખી કામ કરવું. આરોગ્ય પ્રતિ સતર્ક રહેવું. કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ પ્રવાસ અને ભાગદોડ થવાની સંભાવના છે.

**ધન** : કાર્ય સફળતાને કારણે તમારા યશ અને સંબંધોમાં વધારો થશે. ગૃહસ્થ જીવનનો પૂર્ણ સહયોગ મળી શકશે. ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક શિક્ષાનાં કાર્યોમાં રૂચિ વધશે.

**મકર** : શત્રુઓ પર વિજયકારક યોગ. તમને યશ અને સમ્માન અપાવશે. સામાજિક ક્ષેત્રોમાં માન- સમ્માન અને પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે.ભૌતિક સુખ પ્રાપ્ત થવાનો યોગ છે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉચ્ચ પરિણામ પ્રાપ્ત થશે.

**કુંભ** : વ્યાપારક્ષેત્રમાંનવા આયોજનો થઈ શકશે. નવા સંબંધો બંધાશે.કૌટુંબિક જીવનમાં તનાવ વધે નહીં તેની તકેદારી રાખવી. આપમાં પ્રબળ આત્મવિશ્વાસથી મુશ્કેલ કાર્ય પણ સહેલાઈથી પાર પાડી શકો છો.

**મીન** : વ્યાપાર અને વ્યવસાયિકક્ષેત્રના કાર્યોમાં વિશેષ ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે. કુટુંબમાં મંગળ કાર્યોનું આયોજન કરી શકશો.

## ચિરવિદાય

- સ્વ. કેયુર ધીરજલાલ સંઘાણી (ઉ.વ. ૩૬) પ્લોટ નં. ૧૭૧૨/૧, સેકટર-૨ડી, ગાંધીનગર.
- સ્વ. સદાજી કાનાજી ઠાકોર (ઉ.વ. ૬૫) મુ.પો. ચિલોડા મોટા, તા.જી.ગાંધીનગર